**૧૬**

**અગ્રતા ક્રમ –:**

**વિભાગ :– શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૩૧૭**

**૧૫મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભા ગૃહ માં જવાબ આપવાની તારીખ: ૧૯.૦૨.૨૦૨૪**

**પ્રશ્નનું શિર્ષક : ભાવનગર જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :**
**શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા(ભાવનગર (પૂર્વ))**

# અગ્રતા ક્રમ :૧૬

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૭

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| **પેટા પ્રશ્ન–૧** | રોજગાર કચેરી દ્વારા રોજગારવાંચ્છુઓ કે નોકરીદાતાઓને આપવામાં આવતી સેવાઓ માટે કોઈ ચાર્જ આપવાનો થાય છે કે કેમ? | **શ્રીમતી સેજલબેન પંડ્યા(ભાવનગર (પૂર્વ))** |
| **પેટા પ્રશ્ન–૨** | ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પુરી પાડવામાં આવી? | **શ્રીમતી સેજલબેન પંડ્યા(ભાવનગર (પૂર્વ))** |
| **પેટા પ્રશ્ન–૩** | નોંધાયેલ રોજગારવાંચ્છુઓ પૈકી છેલ્લાં એક વર્ષમાં કેટલા ગ્રેજ્યુએટ તથા પોસ્ટગ્રેજ્યુએટ ને રોજગારી આપવામાં આવી? | **શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા)** |
| **પેટા પ્રશ્ન–૪** | ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન કેટલા ભરતીમેળાનુ આયોજન કરવામાં આવ્યું તથા તેમાં કુલ કેટલા ઉમેદવારોને રોજગારી મળી? | **શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા)** |
| **પેટા પ્રશ્ન–૫** | ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી? | **શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા)** |

## વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

/ ૯૧

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

### ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1317

વિષય:

ભાવનગર જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 15/01/2024 | તારીખ 13/02/2024 | 30/01/2024 |

*15/4/1317 શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ))

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભાવનગર ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

----

મેઇન પેજ પર જાઓ

વિભાગે કરેલ જવાબ

**ભાવનગર જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

*15/4/1317 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા** (ભાવનગર (પૂર્વ)): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભાવનગર ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) | ૧૫૧૯૧ |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ? | (૨) | ૧૦૫૭૪ |

---

ઓનલાઈન જવાબ મોકલવાની તારીખ:૧૩/૦૨/૨૦૨૪

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.-૩૬/આર-(૨)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૦૬/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:15/4/1317 અન્વયે વધારાની ત્રણ નકલો સહીત.

રવાના કર્યું
તા. ૧૨/૦૨/'૨૪
સહી.......

(ગગુભા રાજ)
નાયબ સચિવ
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાના:-

૧. માન.મંત્રીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન.રા.ક.મંત્રીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
૩.નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગુ.રા. ૧/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ...આપના તા.૦૨/૦૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંકઃ રોતાનિ/વસપ/મીસે-૫/ફા.નં-૨૬/૧૩૪/૨૦૨૪ અન્વયે જાણ સારુ.
૪. સેકશન અધિકારીશ્રી, સંકલન શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. શાખા સિલેક્ટ ફાઈલ

મેઈન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન રાજયમાં રોજગાર કચેરી દવારા કરવામાં આવતી કામગીરી અંગેનો છે.
- નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી હેઠળ રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત્ત છે.
- રોજગારવાંછું ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ ઉપલબ્ધ છે.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે.
- રોજગારવાંચ્છુ ઉમેદવારો અને નોકરીદાતાઓને અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી સરકારશ્રી દ્વારા નામ-નોંધણી, ખાલી જગ્યા પોસ્ટ કરવા, લાયક ઉમેદવારો શોધવા તેમજ રાજ્યભરની ખાલી જગ્યાઓ સામે ઓનલાઈન અરજી કરવા માટે ડીજીટલ માધ્યમ પૂરૂ પાડેલ છે. નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુઓ ઓનલાઈન પધ્ધતિથી ભરતીમેળાની માહિતી મેળવી શકે છે અને ભાગ લઈ શકે છે.
- આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સેમીનાર/વેબીનારના માધ્યમ દ્વારા અથવા રૂબરૂ અભ્યાસલક્ષી/ રોજગારલક્ષી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે.
- છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૧૫,૨૧,૯૪૧ ઉમેદવારોને રોજગારી પૂરી પાડેલ. જેમાં ભાવનગર જિલ્લામાં ૫૦,૩૭૨ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ. જે પૈકી ૨૩૦ ભરતીમેળાના આયોજન થકી ૩૬૨૭૯ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.
- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ૧૫૧૯૧ રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે જેમાં છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૧૦૫૭૪ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ જે પૈકી ૪૬ ભરતીમેળાના આયોજન થકી ૬૯૭૪ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ.
- રાજ્ય સરકારનાં વિભાગોમાં કર્મચારી ગણની સમયબદ્ધ ભરતી માટે સરકારે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરેલું છે અને તે મુજબ વિભાગોની જરૂરીયાત અનુસાર ભરતી પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવે છે. તદનુસાર, ૨૦૧૪ થી ૨૦૨૩ દરમિયાન કુલ ૧,૫૬,૪૧૭ જગ્યાઓ ભરવાનાં આયોજન સામે મે-૨૦૨૩ ની સ્થિતિએ ૧,૬૭,૨૫૫ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવી છે.

મેઇન પેજ પર જાઓ

## પૂરક નોંધ

- ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવા માટે રોજગાર કચેરીઓ દ્વારા ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે તેમજ નોકરીદાતા દ્વારા નોંધાવવામાં આવતી ખાલી જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે. જ્યારે સરકારી નોકરી માટે નિયત થયેલ ભરતી નિયમો હેઠળની વર્ગ-૧ થી ૩ ની જગ્યાઓની ભરતી સરકારશ્રીના જુદા-જુદા ભરતી માટેના બોર્ડ કે આયોગ દ્વારા અલગથી કરવામાં આવે છે, જેનો સમાવેશ રોજગાર કચેરીના આંકડામાં થતો નથી.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે. આ ભરતીમેળામાં નોકરીદાતાઓને તથા રોજગારવાંચ્છુઓને યોગ્ય બેઠક વ્યવસ્થા, પીવાના પાણી સહીત રીફ્રેશમેન્ટની સુવિધા પુરી પાડવામાં આવે છે, ઉપરાંત ઈન્ટરવ્યુના સ્થળે પહોંચવા માટે રોજગારવાંચ્છુઓને એસ.ટી.કુપનની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે.
- ભારત સરકારના આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા ઓક્ટોબર-૨૦૨૩ માં પ્રસિધ્ધ થયેલ વાર્ષિક અહેવાલ અનુસાર ભારતનો બેરોજગારીનો દર ૩.૨ ટકા છે જ્યારે ગુજરાતમાં માત્ર ૧.૭ ટકા જ છે.
- રાજ્યની રોજગાર કચેરીના માધ્યમથી છેલ્લા બે વર્ષમાં કુલ ૫,૮૫,૩૯૦ રોજગારી પુરી પાડેલ છે જે પૈકી મોટાભાગની રોજગારી મેન્યુફેક્ચરીંગ (ઉત્પાદન ક્ષેત્ર), ટેક્ષટાઇલ, કોમ્પ્યુટરક્ષેત્ર તેમજ બેંક અને વીમાને લગતી સેવાઓમાં પુરી પાડવામાં આવેલ છે.
- એપ્રેન્ટિસશીપ તાલીમ માટે ખાલી જગ્યા નોંધાવતા નોકરીદાતાઓને જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે

તેમજ આવશ્યકતા અનુસાર ભરતીમેળા અને અનુબંધમ પોર્ટલ મારફતે પણ ઉમેદવારોની વિગતો રોજગાર કચેરીઓ દ્વારા પુરી પાડવામાં આવે છે.

- રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોને સંરક્ષણક્ષેત્રે યોજાતી (ભુમિદળ, હવાઈદળ, નૌકાદળ, BSF, પેરામિલિટરી દળો...વગેરે) ભરતીપ્રક્રિયાની માહિતી આપવામાં આવે છે. આ ઉપરાંત સેના ભરતી કાર્યાલયો દ્વારા આયોજીત લશ્કરી ભરતીમેળાના આયોજનમાં સહયોગ કરવામાં આવે છે. ગુજરાતના વધુ ઉમેદવારો સંખ્યામાં જોડાય તે માટે તમામ જીલ્લાઓમાં ૩૦ દિવસની શારિરીક તેમજ લેખિત કસોટીની તૈયારી માટે નિવાસી તાલીમ આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના યુવાનો માટે પણ અલગથી ખાસ વર્ગ યોજવામાં આવે છે.
- ગુજરાત રાજ્યના રોજગારવાંચ્છુઓ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તા.૦૬/૦૮/૨૦૨૧ના રોજ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે અનુબંધમ વેબપોર્ટલ શરૂ કરવામાં આવેલ. જેમાં ઉમેદવારો પોતાના ઘરે બેઠા નામ-નોંધણી કરી શકે છે, નોકરીદાતા તેમની ખાલી જગ્યાઓ ઓનલાઈન પોસ્ટ કરી શકે છે. આ ઉપરાંત નોકરીદાતા દ્વારા ઓનલાઈન ઈન્ટરવ્યુ રીકવેસ્ટ, ઉમેદવારોની વિગતો શોધવી જેવી સુવિધાઓનો લાભ લઈ શકે છે તેમજ રાજ્યમાં યોજાતા રોજગાર ભરતીમેળાઓમાં ભાગ લઈ શકે છે. આ વેબપોર્ટલની મદદથી નોકરીદાતા તેમજ રોજગારવાંચ્છુ ઉમેદવાર રાજ્યના કોઈપણ જીલ્લામાં યોજાતા ભરતીમેળામાં ભાગ લઈ શકે છે તેમજ નોંધાયેલ ખાલી જગ્યા સામે ઓનલાઈન અરજી કરી શકે છે. આમ, ઉમેદવારને નોંધણીના જીલ્લા કાર્યક્ષેત્ર બહારની ખાલી જગ્યાઓ પણ અરજી માટે ઉપલબ્ધ થાય છે અને નોકરીદાતાને લાયક માનવબળ મળી રહે છે.

મેઈન પેજ પર જાઓ

- **નોંધાયેલ રોજગારવાંચ્છુઓ પૈકી**
  - ૨૫૭૪ ગ્રેજ્યુએટ
  - ૧૩૧૪ પોસ્ટ ગ્રેજ્યુએટ
  - ૫૮૧ ડિપ્લોમા
  - ૯૭૨૩ એસ.એસ.સી તથા એચ.એસ.સી

- **મળેલ રોજગારી પૈકી**
  - ૨૮૦૭ ગ્રેજ્યુએટ
  - ૫૭૫ પોસ્ટ ગ્રેજ્યુએટ
  - ૪૬૫ ડિપ્લોમા
  - ૩૯૨૩ એસ.એસ.સી તથા એચ.એસ.સી

# <u>પૂરક નોંધ- ભાવનગર જિલ્લો</u>

## ➢ રોજગાર કચેરીઓ:

- જીલ્લા રોજગાર કચેરી ભાવનગર – **સ્નાતક કે તેથી ઓછું ભણેલા ઉમેદવારો માટે**
- યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યુરો રાજકોટ -**અનુસ્નાતકકે તેથી વધુ અને પ્રોફેશનલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે**

## ➢ લાઇવરજીસ્ટર:

- **ભાવનગર જિલ્લાનું લાઇવરજીસ્ટર મુજબ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૧૫૧૯૧ ઉમેદવારો** નોંધાયેલ છે.

## ➢ રોજગારી:

. **<u>ભાવનગર જિલ્લામાં</u> તા.૦૧-૦૧-૨૩ થી તા.૩૧-૧૨-૨૩ દરમ્યાન કુલ – ૧૦૫૭૪ યુવાનોને** રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

## ➢ રોજગાર ભરતીમેળા:

- **<u>ભાવનગર જિલ્લામાં</u> તા.૦૧-૦૧-૨૩ થી તા.૩૧-૧૨-૨૩** દરમ્યાન **કુલ- ૪૬** ભરતીમેળા યોજવામાં આવ્યા જેમાં **૨૨૯** નોકરીદાતા હાજર રહ્યા અને **૬૯૭૪** ઉમેદવારોની પસંદગી કરવામાં આવી.

# લાઈવ રજીસ્ટર(જીલ્લો: ભાવનગર)

- કોઈ એક ચોક્કસ તારીખે રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યાને લાઈવ રજીસ્ટર કહેવામાં આવે છે.
- ઉમેદવારો નામનોંધણી કરાવે તેનો સમાવેશ લાઈવ રજીસ્ટરમાં થતો જાય છે.
- રોજગાર કચેરીના પ્રયત્નો થકી જે ઉમેદવારોને નોકરી મળે, તે ઉમેદવારોના નામ લાઈવ રજીસ્ટરમાંથી કમી કરવામાં આવે છે.
- દર ત્રણ વર્ષે નામનોંધણી રિન્યુ કરાવવાની હોય છે, જે નામનોંધણી રિન્યુ ન કરાવવામાં આવે તે લાઈવ રજીસ્ટરમાંથી રદ થાય છે.
- આવી રીતે લાઈવ રજીસ્ટરની સંખ્યામાં રોજે-રોજ વધ-ઘટ થતી હોય છે.
- વધુમાં, રોજગાર કચેરી ખાતે નોંધાયેલ તમામ ઉમેદવારો બેરોજગાર હોતા નથી. આગળ અભ્યાસ ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓ, નોકરી/સ્વરોજગાર કરતા ઉમેદવારો પણ નામનોંધણી કરાવતા હોય છે.
- આમ, કોઇ એક માસના અંતે લાઈવ રજીસ્ટર=ગત માસ અંતિત લાઇવ રજીસ્ટર

  \+ નામનોંધણી

  \- રિન્યુ ન કરાવવાના કારણે રદ

  \- પ્લેસમેન્ટ

| ભાવનગર જીલ્લામાં નામ નોંધણી, રોજગારી અને લાઇવ રજીસ્ટરની વિગત | |
|---|---|
| **તા.૩૧/૧૨/૨૦૨૨અંતિત લાઇવ રજીસ્ટર** | ૧૨૩૪૨ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થીતા.૩૧/૧૨/૨૦૨૩(એક વર્ષ) દરમ્યાન થયેલ નામ નોંધણી | +૧૪૦૨૦ |
| કુલ | **૨૬૩૬૨** |
| **તા.૦૧/૦૧/૨૦૨૩ થીતા.૩૧/૧૨/૨૦૨૩દરમ્યાન મેળવેલ પ્લેસમેન્ટ** | -૧૦૫૭૪ |
| તા.૦૧/૦૧/૨૦૨૩થીતા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન રદ થયેલ નોંધણી | -૫૯૭ |
| તા.૩૧/૧૨/૨૦૨૩ અંતિત લાઈવ રજીસ્ટર | ૧૫૧૯૧ |

મેન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૧૬**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૭**

| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ **શ્રીમતી સેજલબેન પંડ્યા(ભાવનગર (પૂર્વ))** | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૧** | રોજગાર કચેરી દ્વારા રોજગારવાંચ્છુઓ કે નોકરીદાતાઓને આપવામાં આવતી સેવાઓ માટે કોઈ ચાર્જ આપવાનો થાય છે કે કેમ? |
| જવાબ: | • ના. રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા ભરતીમેળામાં ભાગ લેવા સહિતની તમામ રોજગાર સેવાઓ નિ:શુલ્ક ધોરણે આપવામાં આવે છે. કોઈ પણ તબક્કે ભરતીમેળામાં આવતા નોકરીદાતા તથા રોજગારવાંચ્છુ ઉમેદવારો પાસેથી રજીસ્ટ્રેશન ફી અથવા ચાર્જ પેટે કોઈ રકમ વસુલવામાં આવતી નથી. ભરતીમેળાના આયોજન અંતર્ગત ભાગ લેનાર રોજગારવાંચ્છુ ઉમેદવારો અને નોકરીદાતાઓ માટે સરકારશ્રી તરફથી બેઠક વ્યવસ્થા, પીવાના પાણી, રિફ્રેશમેન્ટ સહિતની સુવિધા નિ:શુલ્ક ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. |

મેઈન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૧૬**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૧૭**

પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ **શ્રીમતી સેજલબેન પંડ્યા(ભાવનગર (પૂર્વ))**

**પેટા પ્રશ્ન ૨**

ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી પુરી પાડવામાં આવી?

જવાબ

| ક્રમ | તાલુકો | રોજગારી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ભાવનગર | ૭૯૦૨ |
| ૨ | મહુવા | ૧૦૩૧ |
| ૩ | તળાજા | ૫૮૮ |
| ૪ | ઘોઘા | ૪૦ |
| ૫ | શિહોર | ૨૯૮ |
| ૬ | વલ્લભીપુર | ૧૧૪ |
| ૭ | ઉમરાળા | ૯૧ |
| ૮ | પાલીતાણા | ૩૬૧ |
| ૯ | ગારિયાધાર | ૧૩૨ |
| ૧૦ | જેસર | ૧૭ |
| કુલ | | ૧૦૫૭૪<br>(દસ હજાર પાંચસો ચુમ્મોતેર) |

**મેઇન પેજ પર જાઓ**

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૧૬**<br><br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૭** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા)** | |
| **પેટા પ્રશ્ન ૩** | નોંધાયેલ રોજગારવાંચ્છુઓ પૈકી છેલ્લાં એક વર્ષમાં કેટલા ગ્રેજ્યુએટ તથા પોસ્ટગ્રેજ્યુએટ ને રોજગારી આપવામાં આવી? |
| જવાબ: | • ભાવનગર જિલ્લામાં નોંધાયેલ કુલ રોજગારવાંચ્છુઓ પૈકી છેલ્લાં એક વર્ષમાં ૨૮૦૭ ગ્રેજ્યુએટ તથા ૫૭૫ પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૧૬**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૭** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા)** | |
| **પેટા પ્રશ્ન ૪** | ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન કેટલા ભરતીમેળાનુ આયોજન કરવામાં આવ્યું તથા તેમાં કુલ કેટલા ઉમેદવારોને રોજગારી મળી? |
| **જવાબ:** | • ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન કુલ ૪૬ ભરતીમેળા યોજવામાં આવ્યા. જેમાં ૨૨૯ નોકરીદાતા હાજર રહ્યા અને ૬૯૭૪ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી. |

**મેઈન પેજ પર જાઓ**

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૧૬**<br><br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૭** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા)** | |
| **પેટા પ્રશ્ન ૫** | ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ ના કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી? |
| જવાબ: | • ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન અનુસુચિત જાતિ ૧૧૩૫, અનુસુચિત જનજાતિ ૫૮ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ ના ૪૧૫૩ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી. |

**મેઇન પેજ પર જાઓ**